# પાટીદાર સેવા સમિતિનો દ્વિ દશાબ્દી મહોત્સવ યોજાયો

## હિંમતનગરમાં ૨૦ વર્ષથી દરરોજ ૩૦૦ દર્દીઓને રૂ.૧૦ના ટોકન ભાવે ટીફીન વિતરણની સેવાકીય પ્રવૃત્તિ સંસ્થા કરી રહી છે

હિંમતનગરના નલીનકાન્ત ગાંધી ટાઉન હોલમાં શનિવારે પાટીદાર સેવા સમિતિ હિંમતનગર દ્વારા દ્વિ દશાબ્દી મહોત્સ્વ સાબરડેરી અને સાબરકાંઠા ડીસ્ટ્રીકટ કો.ઓ.બેંકના ચેરમેન મહેશભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને તેમજ સરડોઈ ગાયત્રી આશ્રમના પૂ.પ્રદ્યુમન બાવજી સહિત વિવિધ સામાજીક અને સહકારી સંસ્થાઓના આગેવાનોની ઉપસ્થિતિમાં યોજાયો હતો. જે પ્રસંગે વીસ વર્ષથી હિંમતનગરમાં દર્દી ટીફીન વિતરણની સેવાકીય પ્રવૃત્તિમાં સહયોગ કરનાર દાતાઓનું પણ વિશિષ્ટ સન્માન કરાયું હતું.

હિંમતનગરમાં પાટીદાર સેવા સમિતિ છેલ્લા વીસ વર્ષથી શહેરમાં આવેલી અનેકવિધ હોસ્પીટલોના દર્દીઓને રૂ.૧૦ના ટોકન ભાવથી ટીફીન વિતરણની સેવાકીય પ્રવૃત્તિ કરી રહી છે. પાટીદાર સેવા સમિતિ સેવાના વીસ વર્ષ પૂર્ણ કરતા શનિવારે દ્વિ દશાબ્દી મહોત્સવ યોજાયો હતો. જે પ્રસંગે પૂ.પ્રદ્યુમન બાવજીએ આર્શીવચન આપતા



જણાવ્યું હતું કે, અશ્વ મેઘ યજ્ઞ કરતા પણ અન્નદાન યજ્ઞમાં પુણ્ય વધુ મળે છે તેમણે દાનનો મહિમા સમજાવતા જરૂરીયાતમંદોને વ્હારે આવતી સંસ્થાઓને અને લોકોને દાન કરવું જાઈએ અને તે માનવ સેવામાં જ પ્રભુ સેવા રહેલી છે. તેમણે હિંમતનગર પાટીદાર સેવા સમિતિ વીસ વર્ષથી ૨૫૦ થી ૩૦૦ દર્દીઓ માટે ટીફીન વિતરણની સેવાકીય પ્રવૃત્તિ કરી રહી છે તેને બિરદાવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, પાટીદાર સેવા સમિતિ દ્વારા શહેરમાં જરૂરીયાતમંદ દર્દીઓને ધાબળા વિતરણ, મેડીકલ કેમ્પ સાથે નિરાધાર વૃધ્ધોને રાશન કીટ વિતરણની માનવ સેવાકીય પ્રવૃત્તિ છેલ્લા કેટલાય વર્ષથી કરી રહી છે.

આ પ્રસંગે સાબરડેરી અને સાબરકાંઠા ડીસ્ટ્રીકટ કો.ઓ. બેંકના ચેરમેન મહેશભાઈ પટેલે જણાવેલ કે, પાટીદાર સેવા સમિતી વર્ષોથી દર્દીઓ માટે તેમના પરીવાર માટે ભોજન આપી સમાજ જીવનનું ઉત્તમ કાર્ય કરી રહ્યા છે. અહીંના દરેક વડીલ બંધુઓ દ્વારા જે કાર્ય ઉપાડેલ તે આજે સતત ચાલુ રાખી આજની યુવા પેઢીને પણ સેવા કરવાની તક મળી છે. જેથી તેમને પણ હું અભીનંદન પાઠવુ છુ. તમામ દાતાઓને પણ તેમની સેવાને બિરદાવું છું.

આ પ્રસંગે હિંમતનગર માર્કેટયાર્ડના ચેરમેન જેઠાભાઈ પી.પટેલ, અરવલ્લી જીલ્લા ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ કનુભાઈ રવજીભાઈ પટેલ, પૂર્વ ધારાસભ્ય નાથાભાઈ દેવજીભાઈ પટેલ, જાણીતા ઉદ્યોગપતિ હંસરાજભાઈ.વી.સાંખલા, ગુલામ મોહ્યુદિન હરસોલીયા, ડાૅ.મહેન્દ્રભાઈ બી.સોની, રતિભાઈ એચ.પટેલ, ઉંઝા ઉમિયા માતાજી સંસ્થાના ટ્રસ્ટી જીવરાજભાઈ ધનજીભાઈ નાકરાણી, વિદ્યાનગરીના પ્રમુખ ડાૅ.ડી.એલ.પટેલ, એડવોકેટ ગીરીશભાઈ ભાવસાર સહિત અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. દ્વિ દશાબ્દી મહોત્સવ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. દ્વિ દશાબ્દી મહોત્સ્વ પ્રસંગે ઉપસ્થિત પાટીદાર સમાજના અનેક આગેવાનોએ તેમજ અન્ય દાતાઓએ દાનનો ધોધ વહાવતા પાટીદાર સેવા સમિતીને સેવાકીય પ્રવૃત્તિને વધુ વેગિલી બનાવવા અદભુત સહયોગ દાતાઓ દ્વારા મળ્યો હતો. જેથી સેવા સમિતિના દાતાઓનું શાલ, મોમેન્ટો દ્વારા વિશિષ્ટ સન્માન કર્યુ હતુ. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે પાટીદાર સેવા સમિતિ હિંમતનગરના અગ્રણીઓ ડાૅ.ચિમનભાઈ પટેલ, ડાૅ.આર.એસ.પટેલ, ભાણજીભાઈ પટેલ, ચુનીભાઈ પટેલ, સુરેશભાઈ ડી.પટેલ, ડાૅ.દેવશીભાઈ પી.પટેલ, કચ્છ એન્ટરપ્રાઈઝના ડાૅ.સુરેશભાઈ પટેલ, પ્રવિણભાઈ નાથાભાઈ પટેલ, ડાૅ.પ્રવિણભાઈ પટેલ સહિતનાઓએ ભારે જહેમત ઉઠાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન ડાૅ.આર.એસ.પટેલ અને યોગેશભાઈ રાવલે કર્યુ હતું.

# વડગામ જનસેવા કેન્દ્રમાં સર્વર ડાઉન થતાં દાખલા કઢાવવા આવેલા અરજદારો અટવાયા

## તંત્ર દ્વારા વધુ કોમ્પ્યુટર ઓપરેટરની વ્યવસ્થા કરવામાં આવે તેવી અરજદારોની માંગ

વડગામમાં આવેલા જન સેવા કેન્દ્રમાં સર્વર ડાઉન થઈ જતાં વિવિધ પ્રકારના દાખલા કઢાવવા આવેલા અરજદારો અટવાયા હતા અગિયાર વાગ્યાના સમયે અચાનક સર્વર ડાઉન થઈ જવા પામ્યું હતું અને કલાકો સુધી સરોવર બંધ રહેવા પામ્યું હતું જેને લઈ વિવિધ જગ્યાએ આવક ના દાખલા જાતીના દાખલા સહીત વિવિધ દાખલાઓની જરૂર પડે છે ત્યારે હાલ માં અમો દાખલા કઢાવવા માટે




અને હેરાન પરેશાન થઈ ઉઠ્યા હતા. પરેશાન થઈ ઉઠેલા અરજદારોએ જણાવ્યું હતું કે તંત્ર દ્વારા વધુ કોમ્પ્યુટર ઓપરેટર ની વ્યવસ્થા કરવામાં આવે તેવી અરજદારો દ્વારા માંગણી કરાઈ રહી છે.

વડગામ ખાતે આવેલા જનસેવા કેન્દ્રમાં સવારના જનસેવા કેન્દ્રમાં આવેલા અરજદારો કાળઝાળ ગરમી માં ઉકાળી ઉઠયા હતાં જનસેવા કેન્દ્ર માં વિવિધ દાખલૂ સહીત ના કામે આવતા અરજદારો સર્વર બંધ ભારે પરેશાન થઈ ઉઠ્યા હતા.

ત્યારે વિપુલસિંહ રાજપુતને જણાવ્યું હતું કે હાલમાં અમારે દસ તારીખે સ્કૂલો ચાલુ થવાની છે ત્યારે જનસેવા કેન્દ્ર માં આવ્યા છીએ પણ સર્વર બંધ થતાં અરજદારો અટવાઈ ગયા છે અરજદારો ની ભારે ભીડ જોવા મળે છે ત્યારે આવા સમયે કલાકો સુધી સર્વર બંધ રહેતા લોકોને ખૂબ હાલાકી પડે છે લોકોને સુવિધા મળી રહે તે માટે તંત્ર દ્વારા વધુ કોમ્પ્યુટર ઓપરેટરની વ્યવસ્થા કરવી જોઈએ.

# મોડાસા બાયપાસ રોડ પર કારનું ટાયર ફાટતા કાર પલ્ટી ખાઈ ખાડામાં ખાબકી

અરવલ્લી જીલ્લાના મોડાસા-શામળાજી રોડ પર મોડાસા બાયપાસ નજીક કાર પલટી ખાતા બે લોકોનો આબાદ બચાવ થયો છે. મોડાસા બાયપાસ રોડ પરથી પસાર થતી કારનું ટાયર ફાટતા ડ્રાઈવરે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવતા કાર ડિવાઈડર સાથે અથડાઈ કાર રોડ પરથી ઉતરી પલટી ખાઈ ધડાકાભેર કાર ખાડામાં ખાબકતા કારના ભુક્કેભુક્કા બોલાઈ ગયા હતા અકસ્માતને પગલે કારમાં સવાર બે વ્યક્તિઓનો આબાદ બચાવ થયો હતો. જો કે કાર ચાલકને ઈજાઓ થતાં મોડાસાની એઈમ્સ હોસ્પિટલમાં સારવાર દાખલ કરવામાં આવ્યો હતો.

વડોદરાના જાણીતા ડાૅ.ખત્રી તેમની સ્વીફ્ટ ડિઝાયર કારમાં ડ્રાઈવર સાથે ઉદેપુર જઈ રહ્યા હતા મોડાસા બાયપાસ રોડ પરથી પસાર થતા અચાનક કારનું ટાયર ફાટતા ડ્રાઈવરે સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ડિવાઈડર સાથે કાર અથડાઈ રોડ પર ઢસડાઈ જઈ રોડ નજીક ખાડામાં ખાબકતા ગમખ્વાર અકસ્માતની ઘટના બનતા નજીકમાં રહેલા રહેણાંક વિસ્તારના લોકો દોડી પહોંચી બંને ને કારની બહાર કાઢી ઈજાગ્રસ્ત કાર ચાલકને તાબડતોડ સારવાર અર્થે દવાખાને ખસેડ્યો હતો સદનસીબે જાનહાની ટળતા અકસ્માતના પગલે દોડી આવેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો

# પાલનપુર નજીક ખરોડીયા ગામે પ્લાસ્ટિકની ફેકટરીમાં આગ લાગતાં અફરા તફરી

## ફાયર ફાયટર દ્વારા આગ ઉપર કાબુ મેળવાયો

પાલનપુર

પાલનપુર નજીક આવેલા ખરોડીયા ગામે એક પ્લાસ્ટિકની ફેકટરીમાં રવિવારે આગ લાગતાં ભારે અફરા તફરી મચી જવા પામી. જ્યાં દોડી ગયેલી પાલિકાની



ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે, આ ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

સુરતમાં બનેલી આગની દુર્ઘટના બાદ હરકતમાં આવેલા વહીવટી તંત્ર દ્વારા રાજય ભરમાં તમામ પ્રકારના કલાસીસમાં ફાયર સેફટીની ચકાસણી કરવામાં આવી રહી છે. બનાસકાંઠામાં પણ ફાયર સેફટી વિનાના કલાસીસ, શોપિંગ સેન્ટરોના સંચાલકોને નોટિસો આપવામાં આવી રહી છે. આવી સ્થિતિમાં જિલ્લા મથક પાલનપુરમાં ઉપર ઉપરી આગના બનાવો બની રહ્યા છે. જ્યાં એક સપ્તાહ માંજ હાઈવે નજીકના શોપિંગની લિફ્ટમાં આગ લાગી હતી. જે બાદ એરોમા સર્કલ નજીક આવેલા પટ્રોલ પંપે ચાલુ બાઈકમાં ઈંધણ પુરાવતી વખતે આગ ભભૂકી હતી. જે બાદ પોલીસ હેડ ક્વાટર્સના ત્રીજા માળે બુધવારે સાંજે એક પોલીસ કર્મીના રહેણાંક ફ્લેટમાં આગ લાગી હતી. દરમિયાન રવિવારે વધુ એક આગની ઘટના બની હતી. જ્યાં પાલનપુર નજીક આવેલા ખરોડીયા ગામે એક પ્લાસ્ટિકની ફેકટરીમાં રવિવારે આગ લાગતાં ભારે અફરા તફરી મચી જવા પામી. જ્યાં દોડી ગયેલી પાલિકાની ફાયરની ટીમે પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવ્યો હતો. જોકે, આ ઘટનામાં કોઈ વ્યક્તિને ઈજા કે જાનહાની થવા પામી ન હતી.

## લોકસભાની ચૂંટણીમાં ભાજપની ૩૦૦થી વધુ સીટો આવે તો

# વડગામના સિનિયર સિટીઝનો દ્વારા યજ્ઞ કરાવાની બાધા રાખી હતી

## રાધાકૃષ્ણના મંદિરે હવન યજ્ઞ કરીને બાધા પુર્ણ કરાઇ

લોકસભાની યોજાયેલી ચૂંટણીમાં ભાજપને ૩૦૦ બેઠક મળે તો વડગામ ના સીનીયર સીટીઝન દ્વારા યજ્ઞ કરવાની બાધા



રાખવામાં આવી હતી. ત્યારે ભાજપ દ્વારા તાજેતરમાં જ યોજાયેલ લોકસભા ની ચુંટણી માં ૩૦૦ થી પણ વધુ સીટો મેળવીને કેન્દ્ર માં ભાજપ સરકાર નો દબદબો યથાવત રાખતાં વડગામ તાલુકા મથકે આવેલા રાધાકૃષ્ણ મંદિરે વડગામ ના સિનિયર સિટીઝનો એ હવન યજ્ઞ કરીને બાધા આખડી પૂર્ણ કરી હતી આ પ્રસંગે બનાસકાંઠા ના સાંસદ પરબતભાઈ પટેલ, પાટણના સાંસદ ભરતસિંહ ડાભી,પણ આ હવન યજ્ઞ માં ખાસ હાજર રહ્યા હતા અને દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી હતી આ પ્રસંગે ભોજનના દાતા તરીકે ભાજપના જૂના અને સક્રિય કાર્યકર ભગવાન ભાઈ ડેકલીયા દ્વારા આપવામાં આવ્યું હતું. બનાસકાંઠા જિલ્લા કિસાન મોરચાના ઉપપ્રમુખ કાનજીભાઈ ધૂળિયા, ગજેન્દ્રભાઈ સક્સેના અને વડગામના સિનિયર સિટીઝનો એ ભારે જહેમત ઉઠાવી હતી.

# ચિબોડા-ખુમાપુર બી. જે. તન્ના ગ્રૃપ વિદ્યાલયનું ગૌરવ

ભિલોડા,તા.૩

ભિલોડા તાલુકાના ચિબોડા-ખુમાપુર ગામમાં શ્રી આદર્શ એજ્યુકેશન ટ્રસ્ટ, ચિબોડા-ખુમાપુર સંચાલિત શ્રીમતિ બી.જે. તન્ના ગ્રૃપ વિદ્યાલયનું ગૌરવ વિદ્યાર્થીઓએ વધારતાં આનંદની લાગણી પ્રસરી છે. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા વર્ષ-૨૦૧૯-માર્ચ દરમ્યાન લેવાયેલ પરીક્ષામાં ચિબોડા-ખુમાપુર બી.જે. તન્ના ગ્રૃપ વિદ્યાલય ધોરણ.૧૦ નું ૭૩.૪૯ % પરીણામ આવેલ છે. પ્રથમ ક્રમે નેન્સી જે. પટેલ ૮૫.૩૩ % મેળવી વાંકાનેર સેન્ટરમાં પ્રથમ ક્રમે, ભાર્ગવ એમ.કોટવાલ ૮૨.૮૮ % દ્વિતીય ક્રમે,દ્રષ્ટી એ.પટેલ ૮૨.૫૦ % તૃતીય ક્રમે ઉર્તીણ થયેલ છે. ધોરણ.૧૨ નું ૭૦.૭૩ % પરીણામ આવેલ છે. આરતી એમ.કટારા ૮૧.૧૪ % પ્રથમ ક્રમે, મનિષા વી.ચૌહાણ ૭૯.૧૪ % દ્વિતીય ક્રમે, ડિમ્પલ આર.ડામોર ૭૬.૮૫ % તૃતીય ક્રમાંકે ઉર્તીણ થયેલ છે.



## ભિલોડામાં ઘરે-ઘરે ગાયત્રી યજ્ઞ યોજાયા

અખિલ વિશ્વ ગાયત્રી પરીવારનું મુખ્ય કેન્દ્ર ગાયત્રી તીર્થ, શાંતીકુંજ હરીદ્વાર પ્રેરીત આ વર્ષે ઘરે-ઘરે ગાયત્રી યજ્ઞ અને ઉપાસના આંદોલન ઘોષિત કરવામાં આવ્યું હતું. પરમ પુજ્ય શ્રી રામ શર્મા આચાર્યજીને શ્રધ્ધાંજલી અર્પીત કરવાના ભાગ રૂપે ઘરે-ઘરે ગાયત્રી યજ્ઞ,ઉપાસનાના ભાગ રૂપે ૨ જી જુનના રોજ રવિવારે ગાયત્રી યજ્ઞનું આયોજન કરાયું હતું. ભારત દેશમાં ઠેર-ઠેર વિવિધ વિસ્તારોમાં ઘરે-ઘરે ગાયત્રી યજ્ઞ યોજાયા હતા. ભિલોડામાં શ્રી ગાયત્રી પ્રજ્ઞાપીઠ મંદિરમાં ગાયત્રી યજ્ઞ યોજાયો હતો. ભિલોડા વિસ્તારમાં ઘરે-ઘરે ૭૨ ગાયત્રી યજ્ઞ યોજાયા હતા. વિશ્વ કલ્યાણ અર્થે ભારત દેશમાં ૨,૨૪,૦૦૦ ઘરોમાં એક જ દિવસમાં એક સાથે ગાયત્રી યજ્ઞ ભક્તિભાવ પુર્વક યોજાયા હતા.

### પાલનપુરમાં એક ટ્યુશન ક્લાસીસના સંચાલક દ્વારા

# સ્મશાનમાં વિદ્યાર્થીઓને બેસાડી અભ્યાસ કરાવવામાં આવ્યો હતો

સુરતમાં એક ક્લાસીસમાં આગ લાગવાથી બાવીસ બાળોકના મોત થતા થયા હતા.જે ઘટનાના રાજ્યભરમાં ઘેરા પ્રત્યાઘાત પડ્યા



છે.જેમાં ફાયર સેફ્ટીને ધ્યાને લઈ તમામ ટ્યુશન ક્લાસીસોને નોટીસો આપી બંધ કરાવવામાં આવ્યા છે.જેથી પાલનપુરના એક ટ્યુશન ક્લાસીસના સંચાલક દ્વારા કલેક્ટર કચેરીના બગીચામાં ક્લાસીસ શરૂ કરાયા હતા.પરંતુ ત્યાં પણ ક્લાસીસ બંધ કરવાની સુચના મળતા સંચાલક દ્વારા આજરોજ પાલનપુરના સ્મસાનમાં ક્લાસીસ કરાવવામાં આવ્યા હતા.જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ હાજર રહી અભ્યાસ કર્યો હતો.તેમજ હિન્દુ સંસ્કૃતિમાં મહીલાઓ સ્મસાન ગૃહમાં જઈ શકતી નથી.જેથી વિદ્યાર્થીનીઓ સ્મસાનમાં આવી ન શકતા તેમના માટે સુચાલક દ્વારા સોસીયલ મિડીયાના માધ્યમથી અભ્યાસ કરાવવામાં આવ્યો હતો.આ અંગે સંચાલક રવિ સોનીએ જણાવ્યુ હતુ.કે આગામી દિવસોમાં ક્લાસીસની એનઓસી નહી મળે તો શહેરની જુદી-જુદી જગ્યા ઉપર વિદ્યાર્થીઓને બેસાડી ક્લાસીસ ચલાવી વિદ્યાર્થીઓને અભ્યાસ કરાવવામાં આવશે.




પાલનપુરમાં વિજ સલામતી સપ્તાહની ઉજવણીના ભાગ રૂપે વિજ કંપનીની કચેરી ખાતેથી રેલી યોજવામાં આવી હતી.આ રેલી શહેરના મુખ્ય માર્ગો ઉપર પરીભ્રમણ કરી કચેરી ખાતે પરત ફરી હતી.જેમાં મોટી સંખ્યામાં વિજ કચેરીના કર્મચારીઓ જાડાયા હતા. બનાસકાંઠામાં ઉત્તર ગુજરાત વિજ કંપની દ્વારા ૧ જૂનથી વીજ સલામતી સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે.જેમાં બે દિવસ અગાઉ ડીસા ખાતે વિજ કંપની દ્વારા રેલી યોજવામાં આવી હતી.ત્યારબાદ આજરોજ પાલનપુર વિજ કંપની દ્વારા વિજ કચેરી ખાતેથી રેલી યોજવામાં આવી હતી.જેમાં વિજ ઉપકરણોને સાવચેતીથી વાપરવા જાઈએ,જરૂ પુરતો વિજ પુરવઠો વાપરવો જાઈએ સહીતના મુદ્દાઓને લઈ લોકોમાં જાગૃતી લાવવામાં આવી હતી.આ કાર્યક્રમમાં એલ.એ.ગઢવી સહીત મોટી સંખ્યામાં વિજ કંપનીના કર્મચારીઓ હાજર રહ્યા હતા.

# જે કામ તંત્રએ ના કર્યું તે કામ સંગઠને કર્યું...

## ડીસાના જનસેવા કેન્દ્રમાં વાલી હિતરક્ષક સમિતિ દ્વારા અરજદારો માટે મિનરલ પાણીની વ્યવસ્થા

ડીસા

ઉનાળાની કાળઝાળ ગરમીનો પ્રકોપ ઉત્તરોત્તર વધી રહ્યો છે.બીજી બાજુ, શૈક્ષણિક હેતુ માટે જરૂરી પ્રમાણપત્રો મેળવવા માટે બનાસકાંઠાના ડીસા સહિત અન્ય સ્થળોના જનસેવા કેન્દ્રો હાલ વિદ્યાર્થીઓને મુશ્કેલી વેઠવી પડતી હોવાની ફરિયાદોના પગલે આ મામલે સત્તાવાળાઓ સમક્ષ રજૂઆતો પણ કરાઈ હતી.પરંતુ આ સમસ્યાનું કોઈ સ્થાયી સમાધાન ના આવતા ગત રવિવારે મળેલી નવરચિત ડીસા શહેર વાલી હિતરક્ષક સમિતિની




અરજદાર વિદ્યાર્થી ભાઈ-બહેનોથી ઉભરાઈ રહ્યા છે.આવી સ્થિતિમાં ડીસા ખાતે કાર્યરત જનસેવા કેન્દ્રમાં પીવાના પાણી જેવી પ્રાથમિક સુવિધાનો અભાવ હોવાની રજૂઆતો મળતા નવરચિત ડીસા શહેર વાલી હિતરક્ષક સમિતિએ બાળકોના સ્વાસ્થ્યની જાળવણી માટે આગળ આવી તંત્રના ભરોસે બેસી રહેવાના બદલે આજથી જનસેવા કેન્દ્રમાં મિનરલ પાણીની વ્યવસ્થા કરી ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું છે.

આકરી ગરમીના પ્રકોપ વચ્ચે ડીસાના જનસેવા કેન્દ્રમાં પાણીની મુશ્કેલી પ્રવર્તતી હોઈ શૈક્ષણિક હેતુ માટે પ્રમાણપત્રો લેવા આવતા બેઠકમાં આ મુદ્દો ચર્ચાતા બાળકોના આરોગ્યની જાળવણી માટે તંત્રના ભરોસે બેસી રહેવાના બદલે આ આગળ આવી જાતે જ બાળકો માટે પાણીની વ્યવસ્થા કરવાનો નિર્ણય લઈ વાલી હિતરક્ષક સમિતિએ જનસેવા કેન્દ્રમાં આવતા અરજદારો માટે મિનરલ પાણીની વ્યવસ્થા ઉપલબ્ધ કરાવી છે.

ગતરોજ સવારે ડીસા શહેર વાલી હિતરક્ષક સમિતિ દ્વારા જનસેવા કેન્દ્રના પાછળના પ્રવેશદ્વાર પાસે મિનરલ પાણીના જગ મુકાતા વિદ્યાર્થી ભાઈ-બહેનો ઉપરાંત અન્ય અરજદારોએ પણ હાશકારો અનુભવી વાલી હિતરક્ષક સમિતિના આ પગલાંને આવકાર્યું હતું.

# પાલનપુરના ગોબરી રોડ વિસ્તારમાં બાળ લગ્ન થતાં અટકાવાયા

પાલનપુર

બનાસકાંઠા જિલ્લામાં લગ્નસરો ચાલી રહ્યો છે. જ્યાં કેટલાક પરિવારો આજની મોઘવારીમાં પોતાની મોટી દીકરીની સાથે અન્ય નાની દીકરીઓના લગ્ન પણ કરી ખર્ચમાં કાપ મુકતા હોય છે. જોકે, બાળ લગ્ન એ ગૂનો હોઈ તંત્ર દ્વારા આવા બાળ લગ્નો અટકાવવામાં આવી રહ્યા છે. જ્યાં શનિવારે પાલનપુર ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન દ્વારા મળેલ માહિતી મુજબ ગોબરી રોડ પાલનપુર ખાતે બાળ લગ્ન થતા હોવાની જાણ થતાં જિલ્લા બાળ લગ્ન પ્રતિબંધક અધિકારી સહ જિલ્લા સમાજ સુરક્ષા અધિકારી



એમ. કે. જોષી ટીમ અને પોલીસ સાથે માંડવે પહોચ્યા હતા. અને તાત્કાલિક ધોરણે થી અટકાવવામાં આવ્યા હતા. તથા લગ્ન સમયે હાજર તમામ લોકોને બાળ લગ્ન ન કરવા બાબતે તથા બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ ૨૦૦૬ની કાયદાકીય જોગવાઈઓ ની સમજ આપવામાં આવી હતી.